સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત
કાર્યરત સ્વૈચ્છિક સંસ્થા હસ્તક ચાલતા
તાલીમ કેન્દ્રોની મુદત ૩૧/૦૩/૨૦૨૦
સુધી લંબાવવા બાબત.

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૧૨૦૧૮/૬૧૨/બ
સચિવાલય, ગાંધીનગર
તા.૨૧/૦૬/૨૦૧૯

વંચાણે લીધા:

1) મહિલા અને બાળ વિકાસનો સમાન અંકી ઠરાવ, તા.૧૫/૦૧/૨૦૧૯ અને ૦૬/૦૩/૨૦૧૯
2) મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, નવી દિલ્લીના પત્ર ક્રમાંક: ૧૭-૧/૨૦૧૯-આઈસીડીએસ ટ્રેઈનીંગ (ઈ-૬૯૭૧૪), તા. ૨૬/૦૩/૨૦૧૯.

પ્રસ્તાવના:

આમુખ (૧) થી સ્વૈચ્છિક સંસ્થા હસ્તકના મુખ્ય સેવિકા પ્રશિક્ષણ કેન્દ્ર તથા તમામ આંગણવાડી કાર્યકર તાલીમ કેન્દ્રોનુ સંચાલન તા.૩૧/૦૩/૨૦૧૯ થી પરત લેવાનુ ઠરાવવામાં આવેલ હતું. આમુખ (૨) થી ભારત સરકારે ઉક્ત તાલીમ કેન્દ્રોનું સંચાલન સ્વૈચ્છિક સંસ્થા હસ્તક ચાલુ રાખવાની તા.૩૧/૦૩/૨૦૨૦ સુધી મંજુરી આપેલ હોવાથી રાજ્ય સરકાર દ્વારા તાલીમ કેન્દ્રોનુ સંચાલન સ્વૈચ્છિક સંસ્થા હસ્તક ચાલુ રાખવાની મુદત એક વર્ષ વધારવાની બાબત વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચરણાના અંતે આથી નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

ઠરાવ :

ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગના સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત કાર્યરત કર્મચારીઓ અને માનદકર્મીઓને તાલીમ આપવા માટે પરિશિષ્ટ-૧ મુજબ કાર્યરત ૧ મુખ્ય સેવિકા પ્રશિક્ષણ કેન્દ્ર તથા ૧૫ આંગણવાડી કાર્યકર તાલીમ કેન્દ્રોનુ સંચાલન સ્વૈચ્છિક સંસ્થાઓ મારફતે ચલાવવાની મુદત તા.૩૧/૦૩/૨૦૨૦ સુધી નીચે મુજબની શરતોને આધિન લંબાવવાની આથી મંજુરી આપવામાં આવે છે. તા.૩૧/૦૩/૨૦૨૦ સુધી બીજો ઠરાવ ન થાય તો તા.૩૧/૦૩/૨૦૨૦ થી આ મંજુરી આપોઆપ રદ થશે.

શરતો

1. આ કેંદ્રો મારફત જોબ તાલીમ અને ઈન્ડક્શન તાલીમ આપવામાં આવશે.

2. જોબ તાલીમને પ્રાથમિકતા આપવાની રહેશે, ત્યાર બાદ ઈન્ડક્શન તાલીમ આપવાની રહેશે.
3. જો AWTCs/MLTCs તાત્કાલિક જોબ તાલીમ ન આપી શકે એમ હોય ત્યારે જ ઈન્ડક્શન તાલીમ આપવાની રહેશે.
4. સ્વૈચ્છિક સંસ્થા સંચાલિત AWTCs/MLTc દ્વારા અપાતી તાલીમના દિવસો 300 દિવસ કરતા ઓછા થતા હોય ત્યારે સ્થાયી ખર્ચ પર મળવાપાત્ર ખર્ચ (ફેકલ્ટી મેમ્બરને મળવાપાત્ર માનદ વેતનના સમાવેશ સાથે) પ્રો રેટા મુજબ આપવાનો રહેશે.
5. રાજ્યનો સ્ટેટ ટ્રેઈનિંગ એક્શન પ્લાન (STRAPs) 2019-20 આઈસીડીએસ ટ્રેઈનિંગ પ્રોગ્રામના MIS પોર્ટલ (https://www.icds-trg.nic.in/) મારફત આપવાનો રહેશે.
6. રાજ્ય સરકારની ગ્રાંટ ઈન એઈડથી સ્વૈચ્છિક સંસ્થામાં વસાવેલી મિલકત (એસેટ) કેન્દ્ર બંધ થયા પહેલા રાજ્ય સરકાર સંચાલિત AWTCs/MLTc ને સોંપવાની રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સરકારશ્રીની તા. ૦૪/૦૬/૨૦૧૯ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ગોપાલસિંહ યાદવ)
સેક્શન અધિકારી
મહિલા અને બાળ વિકાસ વિભાગ

નકલ રવાના:
૧. માન. મંત્રીશ્રી, મહિલા અને બાળ વિકાસના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૨. માન. રા.ક. મંત્રીશ્રી, મહિલા અને બાળ વિકાસના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૩. કમિશ્નરશ્રી,મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
૪. નિયામકશ્રી, આઇ.સી.ડી.એસ. કચેરી, ૨૦, જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
૫. સંબંધિત તાલીમ સંસ્થા .................... (નિયામકશ્રી,આઈસીડીએસ મારફત)
૬. નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૭. એકાઉન્ટન્ટ જનરલશ્રી અમદાવાદ/રાજકોટ
૮. પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
૯. વિભાગનાં સર્વે અધિકારીશ્રીઓ/શાખાઓ.
૧૦. સિલેકટ ફાઇલ.

## પરિશિષ્ટ -૧: વર્ષ ૨૦૧૮-૧૯માં કાર્યરત તાલીમ કેન્દ્રોની યાદી
## (ઠરાવ ક્રમાંક: આઈસીડી/૧૧૨૦૧૮/૬૧૨/બ)

| અનુ | તાલીમ કેન્દ્રનું સરનામુ |
|---|---|
| ૧ | મહિલા સરકારી ઉધોગ મંદિર લી. સંચાલિત આંગણવાડી તાલીમ કેન્દ્ર, સુરત. |
| ૨ | એસ.એમ. પટેલ કોલેજ ઓફ હોમ સાયન્સ આંગણવાડી તાલીમ કેન્દ્ર, વલ્લભ વિદ્યાનગર, આણંદ. |
| ૩ | શ્રી સી.યુ.શાહ લોક મંગલાયતન સંચાલિત આંગણવાડી તાલીમ કેન્દ્ર, વાઘોડીયા જી.વડોદરા. |
| ૪ | એમ.જે.ઠાકુર ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત આંગણવાડી તાલીમ કેન્દ્ર, મુ,પો.નુગર જી.મહેસાણા. |
| ૫ | જય માતાજી એજ્યુકેશન ટ્રસ્ટ, કમળા માતાની વાડી, મુ.પો. વાલીયા, ભરૂચ. |
| ૬ | આદર્શ મહિલા મંડળ અતુલ સંચાલિત આંગણવાડી તાલીમ કેન્દ્ર મુ.પાંથરી, તા.જી. વલસાડ. |
| ૭ | આદર્શ મહિલા મંડળ અતુલ સંચાલિત આંગણવાડી તાલીમ કેન્દ્ર, તાપી. |
| ૮ | આદર્શ મહિલા મંડળ અતુલ સંચાલિત આંગણવાડી તાલીમ કેન્દ્ર તા.જી.નવસારી. |
| ૯ | કુટુંબ બાળ કલ્યાણ સમિતિ ઇડર સંચાલિત આંગણવાડી તાલીમ કેન્દ્ર, સાબરકાંઠા. |
| ૧૦ | શિશુ મંગલ જુનાગઢ સંચાલિત આંગણવાડી તાલીમ કેન્દ્ર, ગાંધીધામ, જુનાગઢ. |
| ૧૧ | ભણસાલી ટ્રસ્ટ રાધનપુર,આંગણવાડી તાલીમ કેન્દ્ર હાઇવે ચાર રસ્તા જી.પાટણ. |
| ૧૨ | નુતન ભારતી,આગણવાડી તાલીમ કેન્દ્ર, મડાણાગઢ, બનાસકાંઠા. |
| ૧૩ | શ્રી વર્ધમાન ગૃહઉદ્યોગ મહિલા મંડળ, આગણવાડી તાલીમ કેન્દ્ર, સુરેન્દ્રનગર. |
| ૧૪ | સુંદરમ ભારતી સંચાલિત આંગણવાડી તાલીમ કેન્દ્ર, મુ.ડાકોર જી.ખેડા. |
| ૧૫ | પર્યાવરણ સ્વચ્છતા સંસ્થા, આંગણવાડી તાલીમ કેન્દ્ર, મુ.સુઘડ, સાબરમતી રોડ તા.જી.ગાંધીનગર. |
| ૧૬ | વિદ્યાભારતીઅધ્યયન, પ્રશિક્ષણઅનેસંશોધનકેન્દ્ર ,મુખ્ય સેવિકા તાલીમ કેન્દ્ર, ગાંધીનગર. |